અપીલ અરજી નં.૩૭૦ તા.૨૮–૨ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૨–૧૧–૧૦ ની અરજીથી મુદૃા નં.(૧) કોટીવાલા કંપાઉન્ડ પ્લોટ નં.૨ સબસ્ટેશન સામે રાથી પેલેસ પાછળ ઉમરવાડા સુરત ખાતે હાલમાં તૈયાર થયેલ ચાર માળના બાંધકામના મંજુર પ્લાનની નકલ આપશો. (૨)આ મિલકતધારકને આપવામાં આવેલ રજાચિઠૃીની નકલ આપશો. મુદૃા નં.(૩) આ બાંધકામ મંજુર પ્લાન મુજબ થયેલ છે કે કેમ? જો ના થયું હોય તો મંજુર પ્લાન વિરુઘ્ધ બાંધકામ ઉભું કરનાર મિલ્કતધારક વિરુઘ્ધ અત્યાર સુધીમાં આપના વિભાગે કઈ કઈ કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગતવાર માહિતી આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની તા.૨૮–૨–૧૧ ની **SMC/FAP/** નં.૩૭૦/૨૦૧૦–૧૧.

શ્રી રમેશ કે. જાંગીડની તા.૨–૧૧–૧૦ ની અરજીથી મુદૃા નં.(૧) કોટીવાલા કંપાઉન્ડ પ્લોટ નં.૨ સબસ્ટેશન સામે રાથી પેલેસ પાછળ ઉમરવાડા સુરત ખાતે હાલમાં તૈયાર થયેલ ચાર માળના બાંધકામના મંજુર પ્લાનની નકલ આપશો. (૨)આ મિલકતધારકને આપવામાં આવેલ રજાચિઠૃીની નકલ આપશો. મુદૃા નં.(૩) આ બાંધકામ મંજુર પ્લાન મુજબ થયેલ છે કે કેમ? જો ના થયું હોય તો મંજુર પ્લાન વિરુઘ્ધ બાંધકામ ઉભું કરનાર મિલ્કતધારક વિરુઘ્ધ અત્યાર સુધીમાં આપના વિભાગે કઈ કઈ કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગતવાર માહિતી આપવા બાબતે સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારીના લીંબાયતઝોનના પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/ ૩૧૦ તા.૩૦–૧૧–૧૦ થી અરજીમાં માંગેલ માહિતીની સ્પષ્ટતા થવા છતાં માહિતી પૂરી પાડવામાં આવેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને બે માસના વિલંબથી તા.૨૮–૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદૃાઓ અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૯૦ તા.૧૦–૩–૧૧ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) તથા અરજદારને તેમની અપીલ અરજીમાં કરેલ દાવા અનુસાર જાહેર માહિતી અધિકારી જુની. ઈજનેરને સ્પષ્ટતા કરવા જણાવેલ હોય તેવો કે તા.૩૦–૧૧–૧૦ નો પત્ર પાઠવ્યાના આધાર હોય તો નકલસહ રજૂ કરવા તથા લગભગ બે માસની વિલંબિત અપીલ અંગે વાજબીપણું રજૂ કરવા તથા કાયદાની કલમ–૧૯(૧) હેઠળ દિન–૩૦ ની અવધિમાં અપીલ કરવાની જોગવાઈ છે. વિલંબિત અપીલ અંગે અરજદારની વિલંબ માફી રજૂઆતને આધારે તે ગ્રાહય રાખવાનું અપીલ અધિકારીની વિવેક બુઘ્ધિને આધિન છે જે અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી. જયારે અરજદાર તરફથી તા.૨૧–૩–૧૧ થી પૂરક વિગતોનો પત્ર મળેલ છે.

અરજદારની તા.૨–૧૧–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૩૧૦ તા.૩૦–૧૧–૧૦ થી '' ઉપરોકત સંદર્ભ હેઠળની અરજી અન્વયે તમારા તરફથી માંગવામાં આવેલી માહિતી અન્વયેની મિલ્કત બાબતે ટીપી સ્કીમ નં.૭ (આંજણા) ના ફાયનલ પ્લોટ અંગેની ઝોનના શહેર વિકાસ વિભાગના જુની. ઈજનેરશ્રીને સ્પષ્ટતા થતી નથી જે અંગે યોગ્ય સ્વયં રૂબરૂ લેખિત સ્પષ્ટતા થયેથી યોગ્ય માહિતી આપી શકાય સ્પષ્ટતા થયા બાદ સચોટ માહિતી આપી શકાશે. '' તેવું જણાવેલ છે. જેના સંદર્ભે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ બે માસના વિલંબથી તા.૨૮–૨–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે સ્પષ્ટતા પત્ર મળ્યા બાદ ત્રણ ચાર દિવસમાં જ થઈ હોવા છતાં હજુ સુધી માહિતી પૂરી પાડવામાં આવેલ નથી તેવી રજૂઆત અપીલ અરજીમાં કરેલ છે.જે બાબતે અત્રેથી અપીલ તબકકે બંને પક્ષકારોને પત્ર પાઠવવામાં આવેલ. જેમાં અરજદારને બે માસના વિલંબિત અંગે વાજબીપણું રજૂ કરવા જણાવેલ. જે બાબતે અરજદારે પૂરક વિગતોમાં તે બાબતે લીંબાયતઝોનના જુની. ઈજનેર યોગેશ પટેલ પાસેથી સ્પષ્ટતા મેળવી શકો છો. કેમકે લીંબાયતઝોન તરફથી સ્પષ્ટતા થવા અંગેનો પત્ર પાઠવવામાં આવ્યો તેના બે ત્રણ દિવસ બાદ જુની. ઈજનેર શ્રી યોગેશ પટેલને માંગેલી માહિતી બાબતે રૂબરૂ મળીને મૌખિક સ્પષ્ટતા કરી હતી. આ સ્પષ્ટતા થયા બાદ જુની. ઈજનેર ઘ્વારા માંગેલ માહિતી પૂરી પાડવાનું જણાવવામાં આવેલ. પરંતુ માહિતી પૂરી પડાયેલ ન હતી. આ બાબતે વારંવાર મૌખિકમાં રજૂઆત કર્યા બાદ પણ માહિતી પૂરી ન પડાતા અપીલ અરજી કરવી પડે છે તેવી રજૂઆત કરેલ છે.

એપેલેટ અધિકારી એ એક અર્ધન્યાયિક ઓથોરીટી છે અને તટસ્થ નિર્ણય સબંધે બંને પક્ષકારો પાસેથી અપીલ સંદર્ભેની વિગતો, બંને પક્ષકારોની રજૂઆત સમર્થન સહિત અર્ધન્યાયિક પ્રક્રિયામાં પક્ષકારો પાસેથી મેળવવાનો અધિકાર રહેલો છે જે મુજબ જાહેર માહિતી અધિકારી તથા અરજદારને તેમનો પક્ષ રજૂ કરવાનો રહે છે. જે અંગે અરજદારને લગભગ બે માસની વિલંબિત અપીલ અંગે વાજબીપણું રજૂ કરવા જણાવેલ. તેમ છતાં અરજદારે તેવી કોઈ વિગતો અપીલ તબકકે રજૂ કરેલ નથી. કાયદાની કલમ–૧૯(૧) હેઠળ દિન–૩૦ ની અવધિમાં અપીલ કરવાની જોગવાઈ છે. પરંતુ આવા અધિકારીને એવી ખાતરી થાય કે અપીલ કરનાર પૂરતા કારણોસર સમયસર અપીલ કરી શકય ન હતો તો જ ૩૦ દિવસની મુદત વીતી ગયા પછી તેવી અપીલ સ્વીકારી શકશે. જે વિલંબિત અપીલ અંગે અરજદારની વિલંબ માફી રજૂઆતને આધારે તે ગ્રાહય રાખવાનું અપીલ અધિકારીની વિવેક બુધ્ધિને આધિન છે. આમ વિલંબથી થયેલી અરજી કાયદાનુસાર પ્રથમ દર્શીય રીતે ગ્રાહય રાખવાપાત્ર રહેતી નથી તેમ છતાં કાયદાના હાર્દ અને પાદર્શિતાને ને ધ્યાનમાં રાખી અપીલ અરજી ગ્રાહય રાખવામાં આવે છે.અરજદારે રૂબરૂમાં મૌખિક સ્પષ્ટતા કરવા જણાવેલ છે અને વારંવાર મૌખિક રજૂઆતનો દાવો કરેલ છે પરંતુ તે અંગેના કોઈ આધાર રજૂ કરેલ નથી. તેમજ જાહેર માહિતી અધિકારીએ સ્વયં રૂબરૂમાં લેખિત સ્પષ્ટતા માંગેલ છે જે અંગે અરજદારે કોઈ પ્રકાશ પાડેલ નથી. જાહેર માહિતી અધિકારી તરફથી પણ અપીલ તબકકે એવી કોઈ વિગતો પૂરી પડાયેલ જણાતી નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨–૧૧–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી નિર્દિષ્ટ કર્યા મુજબ સ્વયં રૂબરૂમાં લેખિતમાં સ્પષ્ટતા કરવા અરજદારને જણાવવામાં આવેલ છે. અરજદાર તરફથી આવી સ્પષ્ટતા થયેથી નિર્દિષ્ટ મિલ્કત અંગે દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ –૫ હેઠળ લાગુ કિસ્સામાં નિયત દસ્તાવેજ ફી વસુલ લઈ અરજદારને દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)ને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૧

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન),.....જાણ તથા અમલ માટે .
(૨)શ્રી રમેશ કે. જાંગીડ,